ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧૧-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સુપ્રીમનો શકવર્તી ચુકાદો

ગુરુવારના દિવસે સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ અભૂતપૂર્વ ચુકાદા અન્વયે સીબીઆઇના વડા રણજિત સિન્હાને ૧.૭૬ લાખ કરોડના ૨-જી કૌભાંડની તપાસમાંથી દૂર હટાવી દેવાયા છે. દેશની પ્રતિષ્ઠિત તપાસ એજન્સીના ઇતિહાસમાં આથી મોટી અપમાનજનક અને શરમજનક ઘટના આજ સુધી બની નથી. રણજિત સિન્હા પર કૌભાંડના આરોપીઓને મદદ કરવાનો આક્ષેપ કરાયો હતો, જેને દેશની વડી અદાલતે પ્રથમ દૃષ્ટિએ સાચો માની લીધો છે. રણજિત સિન્હા માત્ર બાર દિવસ પછી નિવૃત્ત થવાના હતા. જાણે કોઇ ક્રૂર ગ્રહની છાયા પડી ગઇ હોય એમ એમની સમગ્ર કારકિર્દીને અંતિમ ચરણમાં ગ્રહણ લાગી ગયું છે. રણજિત સિન્હાએ કુમાર મંગલમ બિરલા જેવા ગોટાળાના આરોપીઓને એમના નિવાસસ્થાને એકલા મળીને અદાલતમાં રજૂ કરાયેલ દસ્તાવેજમાં એમની તરફેણ કરતો ફકરો ઉમેરી આપ્યો હતો. અદાલતે આ બાબતની ગંભીર નોંધ લઇને રણજિત સિન્હાને સ્વેચ્છાએ જ ૨-જી કૌભાંડની તપાસમાંથી ખસી જવાનું જણાવ્યું હતું. વળી ચુકાદા વખતે હાજર રહેલ સીબીઆઇના સિનિયર અધિકારીઓનો પણ ઉધડો લઇ નાખ્યો હતો. ચીફ જસ્ટીસ દત્તુએ એમને પુછ્યું હતું કે શું તમે સીબીઆઇ ડાયરેકરના એજન્ટ છો? શા માટે આટલી મોટી સંખ્યામાં અહીં હાજર રહ્યાં છો? તમારું કામ કરોને! અહીં અમે તમારા ડાયરેકટર વિરૂદ્ધ થયેલી અરજીની સુનાવણી કરી રહ્યા છીએ - ૨-જી કેસની નહીં! કદાચ વાઢ્યા હોય તો લોહી પણ ન આવે એવી સ્થિતિમાં મુકાઇ ગયેલા સીબીઆઇના નવ અધિકારીઓને અદાલતમાંથી રીતસર તગેડી મુકાયા હતા. સીબીઆઇના ઇતિહાસમાં આથી વધારે મોટી શરમજનક ઘટના બીજી કોઇ હોઇ શકે? પરંતુ લાફો ખાધા પછી પણ ગાલ રાતો રાખવા ટેવાયેલા સીબીઆઇ વડાએ કહ્યું, છે કે કોર્ટના ચુકાદાથી હું કોઇ જાતની શરમન થી અનુભવતો. સીબીઆઇ આમ પણ વગોવાઇ ગયેલી તપાસ એજન્સી છે. ભૂતકાળમાં એને સર્વોચ્ચ અદાલતે 'સરકારી પોપટ' કહીને ઉતારી પાડેલી છે. સરકાર સીબીઆઇનો ઉપયોગ એના વિરોધીઓને સખણા રાખવા કરતી રહી છે. મુલાયમસિંહ, માયાવતી, લાલુ પ્રસાદ અને શિબુ સોરેનથી લઇ તમામ મોટા ગજાના નેતાઓ સામે સરકારે સીબીઆઇનો દંડો ઉગામેલો છે અને પછી પોતાને અનુકૂળ થતાં જ એમની સામેની તપાસ ઢીલી પાડી છે કાં તો 'ક્લીનચીટ' આપી છે. એ બધા નેતાઓની યાદીમાં વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સામેલ છે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પર સીબીઆઇની મહેમાનગતિ માણી ચૂક્યા છે. સર્વોચ્ચ અદાલતનો સીબીઆઇ ડાયરેકરને ટુ-જી કૌભાંડની તપાસમાંથી હટાવી દેવાનો નિર્ણય એ રીતે ગણો જ શકવર્તી ચુકાદો ગણાવો જોઇએ.




કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત તમામ શાળાઓમાં ક્રાફ્ટ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં એમ.બી. પટેલ વિદ્યાલયમાં આ પ્રદર્શનના ઉદ્‌ઘાટક તરીકે એ.એફ.એસ. દિલ્હીના નેશનલ ઓફિસ ડિરેક્ટર દિવ્યા અરારા ઉપસ્થિત રહ્યા હતા. ધો. ૯, ૧૦, ૧૧, ૧૨ સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા કેન્વાસ વર્ક, પેન્સિવર્ક, ચિત્રો, કોલાજવર્ક, વેસ્ટમાંથી બેસ્ટ, હેન્ડીક્રાફ્ટ, કાપડ, પેન્ટીંગ, સિવણગૂંથણ, મીઠાઈના બોક્સમાંથી, જૂના છાપાઓ, આઈસ્ક્રીમ કપ, ઉન વિગેરે વસ્તુઓમાંથી બનાવેલી કલાકૃતિઓ જોઈ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ પ્રદર્શનને સફળ બનાવવામાં પ્રાધ્યાપક શિલ્પા ખખ્ખર, કુમુદીની કોલ્હે, નદીમ અહેમદ, શૈલેષ પ્રજાપતિએ ભારે જહેમત ઉઠાવી હતી. બાળકોમાં રહેલી સુશુપ્ત શક્તિઓને બહાર લાવવા તેમજ દરેક વિદ્યાર્થી દરેક પ્રવૃત્તિમાં રસ દાખવે તે આશયથી આવા કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું છે તેમ આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને જણાવ્યું હતું. (કશ્યપ નિમાવત)

# માઉન્ટ કાર્મેલ શાળામાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગરની સે. ૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળામાં વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓના વિવિધ ગૃપોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દોડમાં ૪૦૦ મીટર અને ૨૦૦ મીટર તેમજ ઊંચીકૂદ, સ્લો સાયકલ, દોરડા કૂદ, રીલે વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના વિવિધ ગૃપની સમુહ ડ્રીલ પણ યોજવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ધો. ૫ થી ૯ વિદ્યાર્થીઓએ દિલધડક કરતબો રજુ કર્યા હતા.

આ રમતોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કલેકટર તથા મેજિસ્ટ્રેટ રવિશંકર અને તેમના પત્નિ નમિતા શંકર તેમજ મનપાની સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન આશિષ દવે સહિત અનેક વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવમાં શ્રેષ્ઠ પરેડ કરનાર વિદ્યાર્થીઓ અને તેમના ગૃપને સન્માનવામાં આવ્યો હતો. રમતોત્સવમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ અને વર્ષ દરમ્યાન રમતોના આધારે સત્ય ગૃપ વિજેતા જાહેર કરાયું હતું. આ કાર્યક્રમની સફળતા માટે શાળાના વ્યાયામ શિક્ષકો અને આચાર્યાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હરિની દૃષ્ટિ...




હું રોજ કહેતો હતો કે ન આવડતું હોય તે કામ ન કરવું... લો ફેઇલનું રીઝલ્ટ... રોજ હોમવર્ક કરાવતા હતા ને...?

# જેઈઈ-એડવાન્સની પરીક્ષા ૨૪મી મે ૨૦૧૫માં યોજાશે

અમદાવાદ,તા. ૨૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા જેઈઈ એડવાન્સ પરીક્ષાનું નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે જે મુજબ જેઈઈ એડવાન્સની પરીક્ષાનું પરિણામ ૧૮મી જૂન ૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવશે. દેશની ટોચની એન્જિનિયરિંગ કોલેજો અને આઈઆઈટી સંસ્થાઓં પ્રવેશ માટે દર વર્ષે જેઈઈ મેઈનની પરીક્ષા લેવામાં આવે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવામાં આવતી આ પરીક્ષા દેશભરના વિવિધ શિક્ષણ બોર્ડમાંથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષઆ ગણિત વિષય સાથે પાસ કરનાર વિદ્યાર્થીઓ આપી શકે છે. આ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સની પરીક્ષામાં બેસવાની તક આપવામાં આવે છે ત્યારે ચાલુ શૈક્ષણિક વર્ષે લેવામાં આવનાર જેઈઈ એડવાન્સની પરીક્ષા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. આ નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ દેશભરમાં જેઈઈ એડવાન્સની પરીક્ષા એક સાથે ૨૪મી મે ૨૦૧૫ના રોજ લેવામાં આવશે. આ પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયાનો પ્રારંભ બીજી મે ૨૦૧૫થી કરવામાં આવશે. દેશભરમાં જેઈઈ મેઈનની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર ૧.૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ જેઈઈ એડવાન્સની પરીક્ષા આપી શકશે. જેઈઈ એડવાન્સ પરીક્ષા માટે એડમિટ કાર્ડ ૯થી ૧૫મી મે ૧૫ દરમિયાન ડાઉનલોડ કરી શકાશે. ત્યારબાદ ૮મી જૂન ૨૦૧૫ના રોજ જેઈઈ એડવાન્સ પરીક્ષાની આન્સરશીટ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.



# રાજયકક્ષા ખેલ મહાકુંભની રસ્સાખેંચમાં બાલવાનો ભવ્ય વિજય

ખેલ મહાકુંભ-૨૦૧૪ રસ્સાખેંચની રાજ્ય કક્ષાની સ્પર્ધા સાબર સ્ટેડીયમ હિંમતનગર મુકામે યોજાઈ હતી. જેમાં કલોલ તાલુકાના બાલવા ગામની ત્રણ ટીમોએ મેડલ મેળવ્યા હતા. અબવ-૧૬ બહેનોમાં રમીલાબેન પટેલ, નિલમબેન ચૌધરી, નયનાબેન ચૌધરી, અર્પી પટેલ, પ્રીયંકા ચૌધરી, હીના ચૌધરી, રીન્કુ ચૌધરી, પુરીબેન ચૌધરી અને સજનબેન ઠાકોરે સિલ્વર મેડલ મેળવ્યો હતો. અબવ-૪૫ બહેનોમાં કમુબેન વી. ચૌધરી, કમુબેન ડી. ચૌધરી, રંજનબેન પી. ચૌધરી, રંજનબેન એ. ચૌધરી, લીલાબેન એમ. ચૌધરી,લીલાબેન પી. ચૌધરી, અંબાબેન ચૌધરી, હીરાબેન ચૌધરી અને કાંતાબેન ચૌધરીએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. તેમજ અબવ-૬૦ ભાઈઓમાં વેલજીભાઈ બી. ચૌધરી, વેલજીભાઈ જી. ચૌધરી, અમરતભાઈ જી. ચૌધરી, અમરતભાઈ પી. ચૌધરી, રણછોડભાઈ ચૌધરી, રામભાઈ ચૌધરી, વરવાભાઈ પી. ચૌધરી, વરવાભાઈ એમ. ચૌધરી અને ડાહ્યાભાઈ ચૌધરીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ત્રણ મેડલ મેળવી ગુજરાત રાજ્યમાં ગાંધીનગર જિલ્લાનું તેમજ બાલવા ગામનું નામ રોશન કરેલ છે. આ ટીમના કોચ શ્રી શૈલેષકુમાર કે. પટેલ તેમજ તમામ ખેલાડીઓને શાળાના આચાર્ય અર્જુનસિંહ પરમાર અને સમસ્ત ગામના વડીલોએ અભિનંદન આપ્યા હતા.

# પરદેશમાં થતાં લગ્ન સંદર્ભે કોણ મદદ કરી શકે, આંતરરાષ્ટ્રીય સંદર્ભે, તેના કારણઓ તેમજ તારણો વિશે ચર્ચા

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે પરદેશમાં થતાં લગ્ન વિશે ચર્ચા કરી રહયા હતા. પરદેશમાં થતાં લગ્ન સંદર્ભે કોણ મદદ કરી શકે, આંતરરાષ્ટ્રીય સંદર્ભે, તેના કારણો તેમજ તારણો વિશે ચર્ચા કરીએ તો,

કોણ મદદ મેળવી શકે?

૧. ભારતીય પાસપોર્ટ ધારક મહિલા.

૨. ભારતીય મહિલાનાં ભારતમાં લગ્ન થયેલ હોય.

૩. લગ્ન થયાનાં પાંચ વર્ષનાં ગાળામાં ભારતીય મહિલા ત્યજાયેલી હોય.

૪. વિદેશમાં વસતા ભારતીય મુળનાં પતી દ્વારા પાંચ વર્ષમાં છુટાછેડા અંગે કાનુની પ્રક્રિયા હાથ ધરાયેલી હોય.

૫. લગ્નજીવનનાં દશ વર્ષનાં ગાળામાં મહિલા સામે એક તરફી છુટાછેડાનો હુકમ મેળવેલો હોય.

૬. જે મહિલા સામે ફોજદારી ગૂન્હો નોંધાયેલ હોય તેને મદદ મળી શકશે નહીં.

આંતર રાષ્ટ્રીય સંદર્ભ :-

હેગ કન્વેન્શન શું છે?

ઓકટોબર-૫, ૧૯૬૧ માં ઘણાં બધા દેશોએ જે તે દેશોનાં દસ્તાવેજોને કાયદેસરનું સ્વરૂપ આપવા માટે કરાર કરેલ છે. આવા દસ્તાવેજોને **Apostle** કહેવાય છે.

**Apostle** શું છે?

જે તે દેશોનાં દસ્તાવેજોને કાનુની આધાર આપવા માટેની પૂક્રિયા છે.

કયા દસ્તાવેજો થઈ શકે ?

જન્મ-મરણ પૂમાણપત્ર, દતક વિધાન, લગ્નનું પૂમાણપત્ર, ડાયવોર્સ ડિકી, પાવર ઓફ એટર્ની, શાળા પ્રમાણપત્ર, ડિગ્રી સર્ટીફિકેટ, પાસપોર્ટ, ઓળખપત્ર, ટ્રાન્સક્રિપ્ટ, વીલ સહિતનાં દસ્તાવેજો.

આ સંદર્ભ કેટલાક વિચારણીય મુદાઓ અને સૂચનો આ મુજબ વિચારી શકાય.

કારણો

(૧) માતાપિતા **NRI** સાથેના લગ્નને મોભાદાર બાબત ગણે છે.

(૨) સ્ત્રીને પણ **NRI** સાથે લગ્ન માટેનું મોટુ આકર્ષણ છે.

(૩) લગ્ન બાદ અન્ય સગાવહાલાને પણ વિદેશમાં નોકરી અર્થે મોકલી શકાય.

(૪) પોતે પરીચીત નથી હોતા પરંતુ પોતાના સગાવહાલા પરીચીત હોય છે તેના દ્વારા લગ્ન ગોઠવાઈ છે.

(૫) વિદેશી મુરતીયાના માતાપિતા જાણતા હોવા છતાં ખોટી હકીકતો રજૂ કરે છે, ખાસ કરીને આવક અને નોકરી બાબતે.

(૬) માતાપિતા એમ માનતા હોય છે પોતાની દિકરી સુખી થશે અને લગ્ન પૂર્વે કોઈ તપાસ કરવામાં આવતી નથી. મુકત સહચાર, મુકત વાતાવરણના આકર્ષણને કારણે પણ સ્ત્રી વિદેશમાં લગ્ન કરવા પ્રેરાય છે.

(૭) વર્તમાન સમયમાં સોશિયલ મિડિયાના માધ્યમથી પણ યુવક યુવતીઓ પરિચયમાં આવે છે અથવા તો વેબસાઈટ ઉપરની વિગતને આધારે પણ પરિચય કેળવી અને લગ્નોનું આયોજન થતું હોય છે.

(૮) ખૂબ જ મોટી ઉંમરના વિધુર પતિ પણ ધનાઢય હોવાને નાતે નાની ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરે છે અને પછીથી કોઈપણ કારણોસર તકરારો ઉભી થાય છે.

તારણો

(૧) આજની સ્થિતિમાં સર્વગ્રાહી **NRI** લેજીસલેશન જરૂરી છે અને તેના માટે ખાસ કરીને ભારતે હેગ કન્વેન્શનમાં સહી કરવી જરૂરી છે, લો કમીશને પણ આ મુજબ સુચન કર્યુ છે.

(૨) લગ્નની નોંધણી ફરજીયાત છે ત્યારે પત્નીએ ખાસ કરીને તેના પૂમાણપત્ર સંદર્ભે ખૂબજ કાળજી લેવાની જરૂરી છે.

(૩) ભારતમાં આવેલી વિદેશની એલચી કચેરીઓએ પોતાના દેશમાં વસતા ફ્ન્ટની પુરી વિગત ઉપલબ્ધ કરાવવી જોઈએ.

(૪) **NRI** સેલ દરકે રાજયમાં ઉભુ કરાવવાની જરૂર છે તેમજ પીડીતો માટે પુર્નવસવાટ પણ જરૂરી છે.

કેટલાક કાનૂની પાસાઓ આ મૂજબ છે.

- હકુમતની તકરાર
- કયા દેશનો કાયદો લાગુ પડે છે ?
- મેઈન્ટેનન્સ એન્ડ કસ્ટડીઝ લો
- વેલીડીટી ઓફ ફોરેન કોર્ટ ઓર્ડર
- પાવર ઓફ ધી ઈન્ડીયન કોર્ટ
- મીલ્કત વિષયક અધિકારો

(૫) પાસપોર્ટ એકટમાં સુધારો કરવાની જરૂર છે અને પત્ની અંગે વધારે વિગતો જણાવવાની આવશ્યકતા છે. સી.આર.પી.સી. અને સી.પી.સી. માં દચય સંદર્ભે સ્પષ્ટ જોગવાઈ કરવાની જરૂર છે.

(૬) ભારતીય એમ્બેસીઓ કે જે વિદેશમાં છે તેઓ નોટીસની બજવણી વગેરેમાં સક્રિય થાય તે ખૂબજ જરૂરી છે.

(૭) વિદેશ મંત્રાલય, મહિલા અને બાળ કલ્યાણ, ઓવરસીઝ ઈન્ડીયન અફેર્સ વગેરે ખાતાઓનું સંકલન જરૂરી છે.

(૮) સ્વૈચ્છીક સંગઠનાઓ જાગૃતિ કાર્યકૂમો યોજી આ સંદર્ભે વાલીઓમાં જાગૃતિ આવે તે માટે ખાસ ઝુંબેશ કરવી જરૂરી છે.

(૯) જ્ઞાતિ, સંસ્થાઓ તેમજ સંપ્રદાયના વડાઓએ પણ આ સંદર્ભે જાગૃતિ લાવવી જરૂરી છે.

વિદેશમાં થતાં લગ્ન વિષયક બાબત તેમજ નગર સેવકોના વિવિધ આયોમોની વિગતવાર ચર્ચા સાથે મળીએ આવતે અંકે...